એમ. એ. સી. પી. નંબર : <u>૨૮૮ સને ૨૦૧૬.</u>

<u>આંક : ૧</u> અન્વયે હુકમ

(૧) આ કામ આજરોજની નેશનલ લોક અદાલત સમક્ષ પક્ષકારો વચ્ચે રહેલી તકરારોનું સમાધાનની રૂએ નિરાકરણ આવી શકે તે હેતુથી હાથ ઉપર લેવામાં આવ્યું. આજરોજની લોક અદાલતમાં અરજદાર તથા તેમના વકીલશ્રી તેમજ સામાવાળા વિમા કંપની તેમજ તેમના વ. શ્રી. હાજર રહયા છે. જેઓએ <u>આંક : ૧૩</u> થી સમાધાન પુરસીસ રજુ કરતા તે રેકર્ડ ઉપર લેવામાં આવ્યું છે.

(૨) હાલની વળતર અરજીના ફુલ એન્ડ ફાઈનલ વળતર સંદર્ભે સામાવાળા વિમા કંપની <u>ધી આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડે</u> અરજદારને <u>રૂા.૨,૧૫,000/– અંકે રૂપીયા બે લાખ પંદર હજાર પુરા</u> ચુકવી આપવાનું કબુલ કર્યુ છે અને અરજદારે પણ તેવી રકમ હાલની વળતર અરજીના ફુલ એન્ડ ફાયનલ સેટલમેન્ટ તરીકે સ્વીકારી સામાવાળા વિમા કંપનીને તથા અન્ય સામાવાળાઓને બાકીની રકમ ચુકવવાની જવાબદારીમાંથી મુકત કર્યાનું કબુલ રાખ્યું છે.

(૩) સબબ સદર સામાવાળા વિમા કંપનીએ સમાધાન મુજબની રકમ આજથી ત્રણ માસમાં અરજદારને ચુકવી આપવાના આશયથી અત્રેની ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે અને તેમાં નિષ્ફળ થયેથી અરજદાર સદર સમાધાન મુજબની રકમ સમાધાનની તારીખથી દર વર્ષે દર સેંકડે ૬ % ના વ્યાજ સહીત સામાવાળા વિમા કંપની પાસેથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૪) સામાવાળા વિમા કંપનીએ વચગાળાના વળતર તરીકે ચુકવેલી રકમ સમાધાનની રકમમાંથી બાદ ગણવાની રહેશે.

(૫) પક્ષકારોનો ખર્ચ પક્ષકારોને શીર રહેશે.

(૬) મળવાપાત્ર જો હોય તો કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ અરજદારના નામનું કાઢવું.

સ્થળ : અમદાવાદ.
તારીખ : <u>૦૮/૧૨/૨૦૧૮.</u>

(કૌશિકકુમાર જશવંતલાલ મોદી)
છ ઠા વધારાના જીલ્લા અને સત્ર ન્યાયાધીશ તેમજ
એમ.એ.સી.ટી. (ઓકસી.), અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.જીજે૦૦૫૯૭.